# ભારતની પ્રાચીન ફોજદારી ન્યાય પ્રણાલી

પ્રો. રક્ષા જે. દવે
હરિવંદના લો કોલેજ, રાજકોટ

**પ્રાસ્તાવિક**

ભારતની હાલની ન્યાય પ્રણાલી અત્યરનાં સમયની રચના નથી. ભારતની ફોજદારી ન્યાય પ્રણાલી ઈતિહાસનાં વિવિધ સમયગાળા દરમિયાન ધીમે–ધીમે વિકાસ પામી છે અને પરિણામ સ્વરૂપે હાલની ન્યાય પ્રણાલી અસ્તિત્વમાં આવી છે, તેમજ વિકાસ પામી છે. આઝાદીનાં સમય પછી જયારે આપણું બંધારણ અમલમાં આવ્યું, પછીથી ભારતની ફોજદારી ન્યાય પ્રણાલી ઘણી અસરકારક બની ગઈ છે, કારણ કે દરેક વ્યકિતને સમાન ન્યાય મળે તે જોવાની રાજયની મુખ્ય ફરજ બંધારણમાં વર્ણવવામાં આવી છે, અને સમાન ન્યાય, કાયદા સમક્ષ સમાનતા તથા કાયદાનું સમાન રક્ષણ એ દરેક નાગરિકને મૂળભૂત અધિકાર તરીકે બંધારણે આપેલ છે.

---

હાલની ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીમાં હજુ પણ બદલાવ અને વિકાસની જરૂર છે. ન્યાયિક પધ્ધતિ અને કાયદો બંને એકબીજાની સાથે ચાલે છે, અને તેથી જ ન્યાયાલયો દ્વારા ન્યાયિક વહિવટ કરવામાં આવે છે. આ પધ્ધતિ બંને પક્ષકારોને તેની સમસ્યાના સમાધાનની અને તેમની રજુઆતની સમાન તક આપે છે. તેથી જ રાજયનાં ત્રણ મુખ્ય આધાર વિધાનતંત્ર, વહિવટીપંત્ર અને ન્યાયતંત્રમાંથી સૌથી નબળું પાસુ ન્યાયતંત્ર છે, કારણ કે ન્યાયતંત્ર પાસે આર્થિક કે શારિરીક બળનાં ઉપયોગ વડે પોતાના નિર્ણયોનો અમલ કરાવવાની કોઈ સતા નથી. છતાંપણ લોકોનો વિશ્વાસ અને આદર સૌથી વધારે ન્યાયપંત્રને પ્રાપ્ત થયેલ છે. ન્યાયતંત્ર મૌલિક સતા ધરાવતું હોવાના કારણે તે અમીર–ગરીબ, શકિતશાળી–નબળા અને રાજય તથા નાગરિક બધાને ન્યાયની દ્રષ્ટિએ સમાન ગણે છે, તેથી પણ લોકોને ન્યાયતંત્રમાં શ્રધ્ધા અને વિશ્વાસ છે. પરંતુ ધીમે ધીમે ન્યાયતંત્રની મૌલિકતા ઓછી થતી જાય છે અને તેથી જ હાલની ન્યાય પ્રણાલીમાં લોકોને વિશ્વાસ પણ ઓછો થતો જાય છે, અને તેના પરિણામે હવેના લોકો ન્યાય પ્રણાલી પ્રત્યે પહેલા જેવું સન્માન ધરાવતા નથી.

જો ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીએ પહેલાં જેવુ જ સન્માન અને વિશ્વાસ પ્રાપ્ત કરવા હોય, તો સમયની સાથે બદલાવવું પડશે. તેમાં ઘણાં સુધારાઓ કરવા પડશે તેમજ ન્યાયાલયો જે પ્રક્રિયાત્મક કાયદા પ્રમાણે ચાલે છે, તે પ્રક્રિયાત્મક કાયદાઓમાં પણ મોટા પ્રમાણમાં સુધારાઓ લાવવા પડશે. ભારતીય ન્યાય પ્રણાલીને ભારતનાં ઉજજવળ ભૂતકાળમાં લઈ જાય તો જયારે મનુ અને બૃહસ્પતિએ ધર્મશાસ્ત્ર આપ્યા, નારદજીએ સ્મૃતિ અને કૌટલ્યએ આપેલ તે જોતા જ સમજી શકાય કે પ્રાચીન ભારતમાં એકદમ સારી રીતે વિકસીત અને દુનિયાદારીવાળી ન્યાય પ્રણાલી હતી.

પ્રાચીન ભારતીની ફોજદારી ન્યાય પ્રણાલીમાં ઘણાં કૃત્યોને ફોજદારી કૃત્યો તરીકે ઓળખવામાં આવેલ છે તેમજ વર્ગીકરણ પણ કરવામાં આવેલ છે. જેમકે, બળાત્કાર, વ્યભિચાર, ચોરી, લૂંટ, ધાડ, ખૂન વગેરેને ગંભીર ગુનાઓમાં સમાવેશ કરવામાં આવેતો હતો. આ ઉપરાંત વૃક્ષનું છેદન કરવુ કે ગુનેગારને મદદરૂપ થવું વગેરે પણ સજાને પાત્ર ગુનાઓ ગણવામાં આવતા હતાં. તે સમયે પણ દંડ, ઠપકો, ત્રાસ, કેદ, મૃત્યુ દંડ અને દેશ નિકાલ જેવી સજાઓ આપવામાં આવતી હતી. ચોરીના અપરાધને પણ ચોરાયેલી વસ્તુની કિંમતના આધારે ત્રણ પ્રકારે વર્ગીકરણ કરવામાં આવતુ હતુ. આ બધી બાબતો ફોજદારી ન્યાય પ્રણાલી વગર શકય નથી, તેથી પણ કહી શકાય કે તે સમયે વિકસીત ન્યાય પ્રણાલી હતી. મનુએ નિયત પક્ષો અને સાક્ષીઓ માટે નીચે મુજબનાં સપથ પણ વર્ણવેલા છે.

**બ્રાહમણે ન્યાયધિશ સમક્ષ સત્ય અથવા સત દ્વારા સપથ લેવા, ક્ષત્રિયને તેના રથ, સવારીમાં જોડાયેલા પ્રાણી અથવા હથિયારનાં સપથ લેવા, વેશ્યએ તેમનાં ઢોર, સોના અથવા અનાજ દ્વારા સપથ લેવા અને શુદ્રએ તેમના માથા પર રહેલ બોજ સમાન કામનાં સપથ લેવા. આ રીતે મનુએ જુદા જુદા વર્ણોતે સપથ લેવાની વાત કરી છે.**

હાલની ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલી અને તેનો વહિવટ બ્રિટીશ સરકારની દેન છે. આ ન્યાય પ્રણાલીને આકાર આપવા માટે ચાર જેટલા કાયદા પંચો ( Law Commissions) વર્ષ ૧૮૩૪ થી ૧૮૪૭ દરમિયાન નિયુકત કરવામાં આવેલ હતા. તેમ છતાં સ્થાનિક જરૂરિયાતો માટે સંહિતાકૃત કાયદાઓ (Codified Laws) ઘડવામાં આવ્યા હતા, પરંતુ તેમાં કોમન લો સિસ્ટમને મહત્વ આપતા કાયદાઓ સંહિતાકૃત કરવામાં આવ્યા હતા. તેના પરિણામ સ્વરૂપ હાલની ટીકાત્મક ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલી અસ્તિત્વમાં આવી અને આ રીતે અન્ય રાષ્ટ્રની ન્યાય પ્રણાલીનું ચિત્ર ભારતમાં ઉદભવ્યુ છે. તે પરથી અવલોકન કરી શકાય છે કે તે પ્રારંભિક સમયગાળામાં ભારતનું લો કમિશન ભારતની ન્યાય પ્રણાલીમાં ફેરફાર કરી શકયુ હોત, પરંતુ તે સમયે લો કમિશન પણ બ્રિટીશ શાસન દ્વારા પ્રવર્તતી ન્યાય પ્રણાલીનાં પ્રભાવમાં હતું.

વિશ્વની કોઈપણ ન્યાય પ્રણાલી સંપૂર્ણપણે અસરકારક અને ટીકામૂકત છે તેવુ નથી પણ ભારતની ન્યાય પ્રણાલી અન્ય ન્યાય પ્રણાલી કરતાં વધારે ટીકાત્મક અને બિન અસરકારક છે, તે હકીકત પણ સ્વિકારવી જ પડે તેમ છે. તેથી હવે સમયની સાથે ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીમાં પણ થોડા ઘણાં અંશે સુધારાઓ જરૂરી બન્યા છે. કોઈપણ દેશની ન્યાય પ્રણાલી અને કાયદાઓ એ કોઈ પુસ્તક ન હોઈ શકે કે જે જેમનુ તેમ જ રહે પરંતુ સમયાંતરે તે વૃધ્ધિ પામે અને વિકાસ પામે તે ખૂબ જ મહત્વનું છે.

ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીનાં ઇતિહાસમાં દરેક ન્યાયાલયનું અલગ સ્તર હતુ, તે સમયે પણ મૂળભૂત, અપીલકીય અને મૂળભૂત તથા અપીલકીય એમ બંને પ્રકારના સ્તરની ન્યાયાલયો હતી તેમજ ટ્રાયલ કોર્ટ પણ જુદા જુદા સ્તરની આવેલી હતી.

શરૂઆતની વૈદિક સમયમાં ન્યાયિક પ્રક્રિયાની સ્થાપનાની બાબતમાં કાંઈ સંદર્ભ મળી આવેલ નથી. છતાંપણ ઋગવેદમાં કેટલાક આવી ન્યાયિ પ્રક્રિયાનાં સંદર્ભમાં આધાર મળી આવેલ છે. જે રોથ અને ઝિમ્મર સમાજની શરૂઆતમાં પ્રથમ વખત જોવા મળે છે, ત્યારે સામાન્ય રીતે રાજા દ્વારા ન્યાય આપવામાં આવતો હતો. ન્યાયિક પ્રક્રિયા અંગેનો સ્પષ્ટ સંદર્ભ બ્રાહમણ શાશન સમયમાં જોવા મળે છે, પરંતુ આજે પણ ન્યાય તો મધ્યસ્થીકરણની મદદથી જ મળે છે.

દરેક ગણતંત્ર દેશને પોતાના કાયદાઓ હોય છે, અનેન્યાયિક પ્રક્રિયા પણ હોય છે, જેના દ્વારા ન્યાયિક કાર્યવાહી કરવામાં આવે છે. હિન્દુ કાનૂની તંત્ર કુલા રાજ્ય (Kula State) કાનૂન તરીકે ઓળખાય છે. જેમાં ઉમરાવો અને લોકશાહીના મિશ્રબંધારણથી કુલીકા (Kulika) કોર્ટનાં અસ્તિત્વની શોધ થઈ છે. આ સિવાય મહાભારતનાં સમયમાં પણ ન્યાયિક પ્રક્રિયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે સમયે ન્યાયાલયોનું ખૂબજ સારૂ સંચાલન થતુ હતુ, ત્યારે ફોજદારી કેશ માટે વજીસ (Vajis) સહિત કુલ આઠ સભ્યોનું એક મંડળ હતુ, જે અપરાધનાં અન્વેષણનું કાર્ય કરતું હતું. કુલા (Kula) કોર્ટમાં આવેલા કેસ બાબતની અપીલકીય જોગવાઈ હતી, જે ગણા (Gana) કોર્ટમાં થતી હતી.

તે સમયની સ્થાનિક કોર્ટ બાબતે લોકપ્રિય તત્વ એ હતુ કે કલાકારો, મહાજનો, શાહુકારો અને ધર્મિક ન્યાયવિદો વગેરેને તેમના વિવાદો તેમના પોતાના વ્યવસાયિક નિયમોનુસાર ઉકેલવાની સતા આપવામાં આવી હતી. આ સિવાય હિંસક અપરાધો સિવાયના અમૂક અપરાધો સબંધિત કેસનો નિકાલ કરવા માટે પરિવારો, હસ્તકલા અને મહાજન મંડળો તેમજ સ્થાનિક વિધાનસભાને રાજા દ્વારા સતા આપવામાં આવી હતી. કોઈપણ પ્રકારની હકુમત હતી નહી, અને કેસનો નિર્ણાયક ચુકાદો મૌખિક અને દસ્તાવેજી પુરાવાને ધ્યાને રાખીને જ આપવામાં આવતો હતો. ઘણી વખત કોઈપણ પ્રકારનો પુરવો ન્યાયાલય સમક્ષ ન આવતા ન્યાય કરવામાં મુશ્કેલી પડતી હતી, પરંતુ આ પ્રકારના કિસ્સાઓમા ધર્મનો સહારો લેવાનો નિર્ણય કરવામા આવતો હતો. આમ, મુખ્યત્વે સોગંદ અને કસોટી દ્વારા ન્યાયિક પ્રક્રિયા થતી હતી.

## સંદર્ભ સૂચિ

1. Sukaldas – Crime & Punishment in Ancient India, New Delhi, Abhinav Publications – 1977, P-14.
2. Malimath Committee Report - 2003